ગાંધીનગર સમાચાર

તા. ૨૭-૨-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

# પૂરેપૂરી રાજકીય ગણતરીવાળું રેલ્વે બજેટ

સત્તર વર્ષ લાંબાગાળા પછી કોઈ કોગ્રેંસી રેલવે પ્રધાન એનું રેલવે બજેટ રજૂ કરે ત્યારે દેશની પ્રજાને સ્વાભાવિક રીતે જ પ્રદેશવાદથી મુક્ત સંતુલિત બજેટ મળવાની અપેક્ષા હોય. પરંતુ મનમોહનસિંહના વિશ્વાસુ સાથી પવન બંસલનું બજેટ જોતાં એ અપેક્ષા ઠગારી નીવડી છે. મૅડમ સોનિયા ગાંધીની સીટ સલામત રાખવા માટે રાયબરેલીમાં વધુ એક રેલવેના ડબ્બા બનાવવાની ફૅકટરી આપવામાં આવી એની સામે મુલાયમસિંહ યાદવને વાંધો ન હોવો જોઈએ. પરંતુ ઉત્તર પ્રદેશના અન્ય જિલ્લાઓ કે જ્યાં રેલવે સુવિધાનો સદંતર અભાવ છે એ વિસ્તારો પ્રત્યે સેવવામાં આવેલી ઉપેક્ષાથીએ વ્યથિત થયા છે અને આ બજેટને અત્યાર સુધીનાં તમામ બજેટો કરતાં સવિશેષ જનવિરોધી બજેટ ગણાવી આગામી ચૂંટણીઓમાં પ્રજા એનો જવાબ વાળશે એવું તીખું નિવેદન કર્યું છે. ભાજપે પણ બજેટને નિરાશાજનક લેખાવ્યું છે. આગામી વિધાનસભાની ચૂંટણીઓને નજર સમક્ષ રાખી બજેટમાં કર્ણાટક, પંજાબ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોને વધારે ટ્રેનો ફાળવાઈ છે. જયારે અત્યાર સુધી રેલવે મંત્રાલય જેમની જાગીર ગણાતું રહ્યું છે એવા બિહાર અને બંગાળને ડિંગો બતાવાયો છે. અગાઉ કરેલા ભાડાવધારા પછી સીધો ભાડાવધારો ઝીંકી આડકતરી રીતે પેસેન્જરોનાં ખિસ્સામાંથી રૂપિયા સેરવી લેવાની કરામત કરાઈ છે. ડીઝલ મોંઘું થતાં માલવાહનના દરમાં વધારો થયો છે. ૬૭ નવી એક્સપ્રેસ ગાડીઓ, ૨૬ પેસેન્જર ટ્રેનો, ૮ ડેમુ અને ૫ મેમુ ઉપરાંત ૫૮ ગાડીઓનો વિસ્તાર કરાયો છે. રેલવે બજેટમાં ગુજરાતને અન્યાય જ થયો છે. અમદાવાદથી સમદડી-ભીલડી થઈ જોધપુર જતી ટ્રેન અપાઈ છે. વૈષ્ણોદેવી માટેની ટ્રેન પણ મળે એવી શકયતા છે. નાના અંતરની ભાવનગર-પાલિતાણા જેવી ટ્રેનો ઉપરાંત લાંબા અંતરની બાંદ્રા-હિસ્સાર અને બાંદ્રા-હરિદ્વાર જેવી ટ્રેનો તથા ગાંધીનગર, ખોડિયાર અને કલોલ રેલવે માર્ગનું વીજળીકરણએ રેલ્વેમંત્રીએ ગુજરાતને આપેલી બજેટ ભેટ છે. આ બજેટનાં ઊજળાં પાસાંમાં મહિલાઓની સુરક્ષા માટે રેલવે પોલીસ ફોર્સમાં ૧૦ ટકા મહિલાઓની નિયુક્તિ તે આવકારદાયક જ નહીં, વખાણવા લાયક ગણાય. રેલવે દોઢ લાખ નવી નોકરીઓ આપશે અને યુવાનો માટે ઘણીબધી ટ્રેનોમાં મફત વાઈ-ફાઈ સેવાઓ મળી રહેશે. તદ્દુપરાંત મોટા સ્ટેશનો પર વયસ્કો માટે લિફ્ટ પણ મુકાશે. વર્લ્ડકલાસ રેલવે સ્ટેશન વિકસાવવાનું લાલુ યાદવનું સપનું તો સાકાર થાય ત્યારે ખરું પરંતુ ઘણાં બધાં સ્ટેશનોને આદર્શ રેલવે સ્ટેશન બનાવવાની યોજના વેળાસર અમલી બને તે જરૂરી છે. રેલવે ધીરે ધીરે નાણાંકીય સધ્ધરતા હાંસલ કરી રહી છે, તે આનંદના સમાચાર ગણાય. પરંતુ 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ' વાળી દરખાસ્ત વારંવાર થતી રહી છે. છતાં એનું અમલીકરણ કયાં? ઈ-ટિકિટની સુવિધા વધારી રેલવે ટિકિટોના કાળાબજાર અને કૃત્રિમ અછત રોકવાની નેમ છે. રેલવેમંત્રી કોગ્રેંસપક્ષને અને રાજકીય હિતોને નજરમાં રાખી બજેટ બનાવ્યું હોઈ કદાચ પહેલી જ વાર અન્ય કોઈ રેલવે મંત્રીના બજેટ પ્રવચનમાં નહીં થયો હોય એવો હંગામો પવન બંસલના બજેટ ભાષણમાં થવા પામ્યો છે. એમને એમનું ભાષણ પૂરું વાંચવા દેવામાં પણ નથી આવ્યું, તે જ શું બજેટ લોકવિરોધી હોવાનું પ્રમાણ નથી?

## એમ.બી.પટેલ રાષ્ટ્રભાષા કૉલેજમાં વિશ્વ માતૃભાષા દિન ઉજવાયો

એમ.બી.પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ અને કોમર્સ કૉલેજમાં 'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. યુનેસ્કોએ આ દિવસને શા માટે માતૃભાષા દિવસ જાહેર કર્યો તેની માહિતી આચાર્યશ્રી યોગેશભાઇ રાજગોરે આપી હતી. પ્રા.લતા પંડ્યા, યોગેશભાઇ રાજગોરે, પ્રા. જિનેન્દ્ર જૈને, પ્રૉ વૈશાલી ધોળકિયાએ ગુજરાતી નવલકથા, પદો વગેરેનું મહત્ત્વ સમજાવ્યું ને પઠન કર્યું હતું. હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષાનો અભિમુખ કરવા પ્રયાસ કર્યો હતો.

# એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં માતૃભાષાદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પરિસરમાં તાજેતરમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાહિત્યકારોએ જાણીતી કૃતિઓનું તથા જાણીતી ગીતોની પંક્તિઓનું સુંદર પઠન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે ગુજરાતી ગીતોની અંતાક્ષરીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પરિસરમાં 'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય યોગેશભાઈ રાજગોરે પ્રસંગાનુરૂપ વક્તવ્ય આપતાં યુનેશ્કો આ દિવસને શા માટે 'વિશ્વ માતૃભાષા દિવસ' તરીકે જાહેર કર્યો તેની વિગતો આપી હતી. ઉપરાંત 'અભિવાચના'નો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં યોગેશભાઈ રાજગોરે 'સુખને એક અવસર તો આપો' પુસ્તકમાંથી તથા પ્રા. લતા પંડ્યાએ 'સરસ્વતીચંદ્ર' નવલકથામાંના 'જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન' પ્રકરણના અંશોની અભિવાચના કરી હતી. પ્રા. જિનેન્દ્ર જૈને ગુજરાતી ભાષાની મહત્વની ગઝલોના શેરોનું પઠન કર્યું હતું, તો પ્રા. વૈશાલી ધોળકિયાએ નરસિંહના પદોથી માંડી આધુનિક સમયના મહત્વના ગીતોની પંક્તિઓનું પઠન કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે ગુજરાતી ગીતોની અંતાક્ષરીનું આયોજન થયું હતું. હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓએ પણ રસપૂર્વક ગુજરાતી ગીતો ગાયા એ નોંધપાત્ર રહ્યું. વિદ્યાર્થીઓને માતૃભાષા તરફ અભિમુખ કરવાનો આ પ્રયાસ અત્યંત સફળ રહ્યો હતો.



### ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભજવાયું : મને સાથ આપીશ ને...નાટક

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની સાંસ્કૃતિક વારસાની જાળવણી યોજના અંતર્ગત કર્ણાવતિ સાંસ્કૃતિક કલા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા તાજેતરમાં સ્ત્રી પ્રધાન સામાજિક દ્વિઅંકી મૌલિક ગુજરાતી નાટક 'મને સાથ આપીશ ને...!!!' ટાઉન હોલ ગાંધીનગરમાં યોજાયું હતું. જેને દર્શકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. લેખક અને દિગ્દર્શક ડૉ. રાજેન્દ્ર દત્ત અને નિર્માતા આકાશ દત્ત દ્વારા આયોજીત 'મને સાથ આપીશ ને...!!!' નાટકમાં આઠ જેટલા પાત્રોએ પોતાના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પ્રાપ્તિ અજવાળીયા, હિતાર્થ મહેતા, નેહા પટેલ, ત્રિભોવનદાસ સોલંકી, હાર્દિક પટેલ અને ડૉ. રાજેન્દ્ર દત્તે નાટકમાં સુંદર અભિનય કર્યો હતો.

## વસંત કુંવરબા કન્યા વિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૨૬

જીવન વિજ્ઞાન અકાદમી, ગુજરાત દ્વારા ગાંધીનગરની વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે માહિતીપ્રદ વક્તવ્ય યોજવામાં આવ્યું હતું.

ગાંધીનગરની જાણીતી સંસ્થા વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના બાળકોને તનાવમુક્તિ, ક્રોધ નિયંત્રણ, હકારાત્મક વિચારસરણી અને શ્વાસ લેવાની સાચી પદ્ધતિના પ્રયોગો કરાવી ડૉ. આર.કે. ભાર્ગવે સુંદર વક્તવ્ય આપ્યુ હતું. એમની સાથે ભંવરલાલે સુંદર વાતો અને સારા સંસ્કાર, વિવેક, નમ્રતા વગેરે માટે જરૂરી વાર્તાલાપ કર્યો હતો. આચાર્યા રીટાબેન આ પ્રસંગે બાળકોને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટેના પ્રયોગોની પ્રસંશા કરી આભાર વ્યક્ત કર્યો હતો.

## પી.કે. ચૌધરી આર્ટ્સ કૉલેજમાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

પી.કે. ચૌધરી આર્ટ્સ કૉલેજમાં ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓને શુભેચ્છા સમારોહ યોજાયો હતો. પ્રથમ, દ્વિતીય, તૃતીયં ક્રમાંક વિષયોનાં તથા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતા. અખિલ આંજણા મહાસભાના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મંત્રી ગોવિંદભાઈ ચૌધરીએ આશીર્વાદ શુભેચ્છા આપી હતી. પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ સ્વાગત કર્યું હતું. સંચાલન વાળંદ મિત્તલે કર્યું હતું. આભારદર્શન રાજવંસ સિમ્મીએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. મીનાબેન વ્યાસ તથા પ્રા.ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું.



### સરકારી વાણિજય કોલેજની શેખ શાહજહા જુડોમાં પ્રથમ

ખેલ મહાકુંભ ૨૦૧૩માં સરકારી વાણિજય કોલેજની શેખ શાહજહા એમ. જુડો ૫૫ કિલોગ્રામના વર્ગમાં સમગ્ર રાજયમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. શેખ ઝરીના એમ જુડો ૫૯ કિલોગ્રામ વર્ગનાં રાજયમાં તૃતીય સ્થાને પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. આચાર્ય તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવે છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

## વિવિધ શાળાઓમાં વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો ૨૮થી ૩ માર્ચ સુધી યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ભારત સરકાર તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકારનાં ઉપક્રમે દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની વિવિધ વિષયોને લઈને કરવામાં આવે છે. જે અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૨૮ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજાશે

રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અંતર્ગત તા. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ પેથાપુર કન્યા શાળા, પેથાપુર ખાતે મોડેલ રોકેટરી વર્કશોપ યોજાશે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ કાગળ અને પૂંઠામાંથી કેવી રીતે બનાવી શકાય તે શીખવાડવામાં આવશે. તેમજ રોકેટનું લોન્ચીંગ તેમજ તે કેટલી ઊંચાઈ સુધી જઈ શકે તેની માપણી પણ કેવી રીતે કરી શકાય તેની સમજ આપવામાં આવશે. શાળામાં ભૌતિક વિજ્ઞાન અને ખગોળશાસ્ત્ર વિષયક પ્રદર્શન પણ મુકવામાં આવશે. જેમાં પેથાપુર ગામની આજુબાજુની શાળાઓનો વિદ્યાર્થીઓ પણ પ્રદર્શન નિહાળશે.

સરકારી પ્રાથમિક શાળા કાનપુર ખાતે ૧લી માર્ચના રોજ રસાયણ વિજ્ઞાન અને વહેમ, અંધશ્રદ્ધા નિવારણનાં પ્રયોગો દેખાડવામાં આવશે. વિદ્યાર્થીઓને નાળિયેરમાંથી ચુંદડી કાઢવી, નાળિયેરમાં દીવો પ્રગટાવવો, હાથમાંથી કંકુ કાઢવું, પાણીમાં આગ લગાડવી વગેરે જેવા પ્રયોગો દેખાડવામાં આવશે. એસ.એમ.કે. શાહ માધ્યમિક શાળા, આદરજ મોટી ખાતે તા. ૨ માર્ચના રોજ ગ્લોબલ વોર્મિક અને ક્લાઈમેટ ચેન્જ વિષય પર લેક્ચર યોજાશે. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ વક્તવ્ય આપશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે તા. ૩જી માર્ચ-૨૦૧૩ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નિબંધ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં ધોરણ-૫ થી ધોરણ-૮ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ સ્પર્ધાનો વિષય એડવાન્ટેજ એન્ડ ડીસ એડવાન્ટેજ ઓફ જેનેટીકલી મોડીફાઈટ ક્રોટશ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત તા. ૨૮મી ફેબ્રુઆરીથી ૪થી માર્ચ દરમિયાન સાયન્સ સીટી અમદાવાદ ખાતે યોજાનાર સાયન્સ કાર્નિવલ કાર્યક્રમમાં પણ નિસર્ગ સાયન્સ સેન્ટરનો સ્ટોલ રાખવામાં આવ્યો છે. જેમાં વિજ્ઞાનના વિવિધ સિદ્ધાંતોને સમજાવતા મોડેલો કો-ઓર્ડીનેટર, હાર્દિક મકવાણા અને હાર્દિક ભટ્ટ તથા શિવાંગ પટેલ દ્વારા મુકવામાં આવશે.

## ચૌધરી વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે 'વિશ્વમાતૃભાષા' ગૌરવદિનની ઉજવણી કરવામાં આવી. સપ્તાહ દરમ્યાનની વિદ્યાર્થીઓનો જોડણી, કહેવતો, રૂઢિપ્રયોગો, ગુજરાતી ઉચ્ચારણ અને ભાષા વિજ્ઞાનનો લગતા લેખકા કવિઓના પરિચય આપતા આર્ટસ- પ્રોજેકટ તૈયાર કર્યા.

કલ્ચરલ ફોરમ ગાંધીનગરના ઉપક્રમે લેખક કવિ ધ્વનિલ પારેખ ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓને માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે તેવું વકતવ્ય આપ્યું. આચાર્ય સંતોષબેને ઉપસ્થિતિ મહેમાનો આયોજક શિક્ષિકા બહેનો શરીફાબેન દેસાઈ અને રમીલાબેન ચૌધરીને અભિનંદન પાઠવ્યા હતા.

# મુંબઈના નિવડેલા નાટકોના લેખક-દિગ્દર્શક હરિન ઠાકરનાં અલગ ભાતનાં, ભિન્ન ભિન્ન વિષય અને મિજાજનાં ત્રણ સુંદર એકાંકીઓનાં 'ઉત્સવ' થકી કલાગુર્જરી, ગાંધીનગરે કલાનાટ્યરસિકોને 'જલસો' કરાવી દીધો

ગીત-સંગીત અને પ્રસંગોપાત અભિનયના અનોખા - ચીલાચાલુથી કંઈક જુદા પ્રકારના કાર્યક્રમો પ્રસ્તુત કરવા માટે લોકચાહના પ્રાપ્ત કરનારી સંસ્થા કલાગુર્જરી, ગાંધીનગરે તા. ૨૨મીની રાત્રે ભિન્ન ભિન્ન ભાતમાં, અલગ અલગ રસ-રસનાં ત્રણ વિશિષ્ઠ એકાંકી નાટકોનો કાર્યક્રમ યોજી તેનાં સભ્યો તથા ગાંધીનગરના કલા-નાટ્ય પ્રેમીઓને જલ્સો કરાવી દીધો!



'ફૂલલેન્થ પ્લે'ને બદલે સારાં હોય તો એકાંકી - 'શોર્ટ પ્લે' શું કામ નહીં? એવા વિચાર સાથે કલાગુર્જરી તેની ઉજ્જવળ પરંપરામાં આ વખતે લઈને આવ્યું હતું ગુજરાત રાજય ગૌરવ પુરસ્કાર વિજેતા લેખક-દિગ્દર્શક તથા લાલીલીલા, દેરાણી-જેઠાણી, સાસુવહુની સંતાકૂકડી, જેવાં મુંબઈનાં નીવડેલા - પ્રસિધ્ધ નાટકોનાં લેખક - દિગ્દર્શક ભાઈ હરિન ઠાકરનાં ત્રણ જુદા જુદા વિષયવસ્તુ - મિજાજ સાથે સંદેશાસભર છતાંય પૂર્ણપણે લોકભોગ્ય એકાંકી નાટકો.

'ઉત્સવ' ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થા નિર્મિત ત્રણ નાટકો પૈકી પ્રથમ હતું, 'રાધા કા ભી શ્યામ, મીરા કા ભી શ્યામ' આ ડાન્સ ડ્રામા કે 'બેલે' પ્રકારની પ્રસ્તુતિમાં જાણીતાં કવિ હિતેન આનંદપરા (મુંબઈ)ની કલમથી કલામ માણવા મળી તો હરિન ઠાકરનું અતિ સૂઝભર્યું - માવજતભર્યું દિગ્દર્શન એને આગવી ઊંચાઈ સુધી લઈ ગયું...

રાધા અને મીરાં વચ્ચે યુગોનું અંતર છે પરંતુ કવિ - લેખકે બંનેને એક સાથે મૂકવાની જે કલ્પના આ નાટકમાં કરી છે એ વિષય જ - એ વાત જ નવીનતમ અને તેથી પ્રેક્ષકોને સતત જકડી રાખતી બની રહે છે. રાધાજીની ઘણી વિનવણી, રીસામણાં, ને લાડ પછી શ્રીકૃષ્ણના મુખેથી ''રાખા, હું તમારો જ છું.'' સાંભળ્યા પછી રાધાજીના મનમાં પ્રવેશેલા અહંકારને ઓગાળવા અને ''માધવ તો એને ચાહનારા સૌ કોઈનો છે...'' એ સનાતન સત્ય સમજાવવા નટખટ નટવર, મુરધીધર' મેરે તો ગિરિધર ગોપાલ... દૂસરો ન કોઈ...'' નું સતત રટણ કરનારી, મીરાંને જે રીતે રાધાજી સમક્ષ ધરી દે છે અને પછી એ બંને શ્રીકૃષ્ણપ્રેમી વચ્ચે થતી રકઝક, રાધાજીનાં ઈર્ષ્યા, રીસ, ગુસ્સો અને તેની સામે મીરાંબાઈની શાંત-સમર્પિત કૃષ્ણપ્રીતીની અભિવ્યક્તિનાં દશ્યો જમાવટ કરી ગયાં.

કાવ્યમય ટૂંકા ટૂંકા પણ ચોટદાર પ્રત્યેક સંવાદ પર 'વાહ... વાહ... ને તાળીયો પડાવતી જુગલબંધી દ્વારા લેખક કવિ હિતેન આનંદપરા મેદાન મારી જાય છે...તો અર્થસભર, ગરિમાપૂર્વ, વૈવિધ્યસભર મુવમેન્ટ્સ - કંપોઝીશન્સ થકી પ્રત્યેક દશ્યને 'ઈમ્પ્રેસીવ' અને 'એકસપ્રેસીવ' બનાવી છે, વાતને પ્રેક્ષકોના હૃદય સુધી લઈ જવામાં દિગ્દર્શક હરિન ઠાકર પણ ભારે સફળ રહે છે...

વૃંદાવનમાં વિહરતાં રાધાજી પૂછે છે : કિસીને મેરા શ્યામ દેખા?'' ને ત્યારે સખીઓ - ગોપ ગોપીઓ - 'રાધા કે રાધા તેરા શ્યામ હમને ગૈયા ચરાતે દેખા... બંસી બજાતે દેખા...' મનમોહક એમ જયારે જયારે કહે છે ત્યારે અચાનક પ્રગટ થવું - રાધિકાજીની નજરે પડવું અને પછી તરત અદૃશ્ય થઈ જવું - એ આખીય મસ્તી પ્રચલિત ભજન ''રાધા ઢૂંઢ રહી... કિસીને મેરા શ્યામ દેખા'' ના સથવારે બ-ખૂબીથી ગૂંથી - પ્રસ્તુત કરી છે, રાધાકૃષ્ણનાં ઉત્કટ પ્રેમનો પરિચય કરાવતા અને નાટકના ઉઘાડતાં આ દશ્યો પ્રેક્ષકોનો આ પ્રવાહમાં ખેંચી લાવવામાં ઉપકારક બને છે તો એ પછીનાં રાધાજીનાં રીસામણાં, કૃષ્ણનાં મનામણાંનાં દશ્યો, મેવાડની રાણી મીરાની કૃષ્ણભક્તિ, રાણાનો અણગમો અને ક્રોધ, શ્રીકૃષ્ણ માટે સુખ-વૈભવ ત્યજવાની મીરાંની તૈયારી - એ બધા જ પ્રસંગોનું દશ્ય સંયોજન આકર્ષક હતું. વૃંદાવનની કુંજ ગલીઓ, કદમ વૃક્ષે બાંધેલો ઝૂલો, સુંદર વસ્ત્ર પરિધાન, મોહક મધુરૂં સ્મિત રેલાવતાં કાનજી રાસને - નૃત્યો - ઓન સ્ટેજ પ્રોપર્ટીની ગોઠવણી, અદ્‌ભૂત પ્રકાશ આયોજન, કર્ણપ્રિય પાર્શ્વસંગીત. આ બધાના સુંદર - સમતોલ સંયોજન થકી નાટક ભાવવાહી - હૃદયસ્પર્શી બની રહે છે.

### ટહૂકાર

– પ્રકાશ લાલા

રાધાજીની દલીલ કે 'મેં કૃષ્ણને ભવોભવ નિહાળયા છે...' ત્યારે મીરા કહે છે : ''મેં તો કૃષ્ણમાં જ ભવોભવ જોયા છે...'' અને 'તમે તો શ્રીકૃષ્ણની નિકટ રહી એને ચાહ્યા છે... મેં તો દૂર રહીને ય પળે પળે સ્મરણમાં રાખ્યા છે...' અને ''માધવ જેની નિકટ એને સંસારમાં નથી કશું વિકટ...'' વગેરે.જી

અંતે રાધાજીને સત્ય સમજાય છે કે શ્રીકૃષ્ણ કેવળ મારા જ નહીં, મીરાંના પણ છે... ત્યારે અંતમાં રાધા-કૃષ્ણ-મીરાંનાં પોસ્ચર્સ, એ દશ્યની કોરિયોગ્રાફી, કંપોઝીશન્સ અને લાઈટીંગ 'વાહ... વાહ...' બોલાવી જાય છે... આખુંય એકાંકી એકધારા - શાંત - સરળ પ્રવાહમાં વહેતું રહે છે અને તેથી જ પ્રેક્ષકોને સતત એના ભાવપ્રવાહમાં વહેવડાવી રાખવામાં સફળ રહ્યું... દિગ્દર્શકની કાળજીભરી માવજતના પરિણામે 'રાધા કા ભી શ્યામ, મીરા કા ભી શ્યામ' નાટક જાણે કે સુંદર મજાની નાનકડી ફિલ્મ નિહાળી રહ્યાનો રોમાંચ કરાવી ગયું...

હાસ્યપ્રધાન બીજું નાટક 'શૂંટીગ શૂટીંગ' ભલે ભજવાયું બાળકલાકારો દ્વારા, પણ એને બાળનાટક કેમ કહેવાય? ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડોકિયું કરાવતાં આ એકાંકીમાં ડાયરેકટર ડાહ્યાલાલ, ફિલ્મનાં નસીબ અજમાવવા આવતાં નવા કલાકારોનાં સ્કીન ટેસ્ટ - ઈન્ટરવ્યુ તથા અંતે પાયમાલ થઈ જતા પ્રોડ્યુસર પ્યારેલાલની ગમ્મગ ગોટાળા - છબરડાની વાત આમ તો નાનકડી 'સ્કીપ્ટ'નો જૂનો - ઘણીવાર ભજવાઈ ચૂકેલો વિષય છે... પરંતુ એમાં પણ દિગ્દર્શક હરિન પાઠક કેટલીક મૌલિકતા ઉમેરી, કલાકારોને મેનેરીઝમ્સ આપી, હાસ્ય નિષ્પન્ન કરવા જરૂરી ટાઈમીંગ અને 'પંચ' તેમજ કોમેડી કંપોઝીશન્સનો ભરપૂર ઉપયોગ કરીને (કયાંક મોનોટોની અને લંબાણ થઈ જતું હોવા છતાં) પ્રેક્ષકોને ખડખડાટ હસાવવામાં સફળ રહ્યાં. બાળ કલાકારો પાસેથી એમણે કાબિલે-દાદ કામ લીધું છે. ડિરેકટર ડાહ્યાલાલ તથા પ્રોડ્યુસર પ્યારેલાલ તેમ જ છોટુ બનતા કલાકારોની અભિનય ક્ષમતા - ટેલેન્ટ સરાહનીય હતી. ૪૦ વર્ષનાં બાળક બુધ્ધિ 'મોટા'ના પાત્રમાં આપણા ગાંધીનગરના કલાકાર હિમાંશુ ભરોચ નાનકડી ભૂમિકામાં પણ પ્રેક્ષકોને પસંદ પડી ગયાં.

તો ત્રીજું અને અંતિમ એકાંકી હતું, 'અમને અજવાળાં આપો.' હાસ્ય અને આંસુના બે કિનારાઓ વચ્ચે વહેતું રહેતું આ નાટક પ્રજ્ઞાચક્ષુઓને ''સહાનુભૂતિ નહીં, આપવી જ હોય તો સખાનુભૂતિ આપો'' નો સરસ સંદેશો આપનારૂં નાટક હતું. અંધ પણ તાલીમબધ્ધ બે બહેનોના પ્રેમ - લાગણી - વ્યથા - પ્રશ્નોની તથા સમાજની દયા સામે ખુમારીથી જીવતી બહેનોની કથાવાળા આ નાટકના એક દશ્યમાં લેખક-દિગ્દર્શક હરિન ઠાકરે હાસ્ય અને કરૂણાનો અદ્‌ભૂત સમન્વય સાધ્યો હોવાથી અને તેને વળાંક - ઘટનાસભર બનાવ્યું હોવાથી 'નેત્રદાન મહાદાન' જેવા ગંભીર સંદેશાનું આ નાટક કયાંક ભારેખમ કે કંટાળાજનક બનતું નથી, બલ્કે હસાવતાં - રડાવતાં - હસાવતાં, ખૂબ સાહજિકતાથી, નાટકને 'ડોક્યુમેન્ટરી' ન બની જાય તેની કાળજી લઈને, પ્રેક્ષકો સુધી 'મેસેજ' લઈ જવામાં કામિયાબ રહે છે એ તેની વિશિષ્ટતા હતી.

''રાધા કા ભી શ્યામ...'' નાટકમાં રાધા અને મીરાંના પાત્રમાં જાન રેડી દેનાર કલાકાર અનુક્રમે કુ. માધવી ઝવેરી તથા કુ. વૈશાલી ઠાકરે જ 'અમને અજવાળાં આપો'માં બે અંધ બહેનોની પડકારરૂપ ભૂમિકા પણ પ્રશંસનીય રીતે નિભાવી છે. શ્રીકૃષ્ણ બનેલા ભાઈ કશ્યપ પાઠકને પણ ખાસ અભિનંદન.

આવા સુંદર, નવીનતાભર્યા, સંપૂર્ણપણે મનોરંજક છતાંય સ્હેજે છીછરાં નહીં અને સરસ 'મેસેજ' વાળાં ત્રણ સફળ એકાંકીના નિર્માણ માટે 'ઉત્સવ' ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ. આ સંસ્થા અંધ, અપંગ, ગરીબ-અનાથ બાળકોનાં વિકાસ અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા માટેનું કામ કરે છે, અને નાટકોમાંથી થતી આવક આ સેવાપ્રવૃત્ પાછળ ખર્ચે છે) અને સંચાલિકા સપનાબહેન ઠાકરને તથા લેખક-દિગ્દર્શક ભાઈ હરિન, ઠાકરને, તેમના તમામ કલાકારો - કસબીઓને ખૂબ ખૂબ અભિનંદન...

અને અભિનંદન 'કલાગુર્જરી', ગાંધીનગરના પ્રમુખ શ્રી એન.પી. પટેલ, ઉપપ્રમુખ શ્રી જયરાજસિંહ સરવૈયા તેમજ ભાઈ શરદ વ્યાસને - સભ્યોને - કલારસિકોને કલાગુર્જરીનાં આવાં સરસ મજાનાં નાટકોનો લાભ આપવા બદલ. આ સંસ્થા આવનારા દિવસોમાં પણ એનાં સભ્યો માટે આનાથી પણ સુંદર કાર્યક્રમોનું આયોજન કરશે એવી અપેક્ષા અને શુભેચ્છા પાઠવીએ.

